# ન્યુ ગાંધીનગરમાં એક જ રાતમાં છ તાળા તૂટયા



## તસ્કરો રૂ. ૨.૮૦ લાખના દાગીના અને રોકડની ચોરી કરી પલાયન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના કુડાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ સ્કીમના છ ફલટને તસ્કરોએ ગત રોજ રાત્રે નિશાન બનાવી તેના તાળા તોડયા હતા અને રૂ. ૨.૮૦ લાખના સોના ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા ઘણા સમયથી ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે. તસ્કરો વારંવાર આ વિસ્તારમાં ઘરફોડ ચોરીને અંજામ આપી રહ્યા છે. ૨ માસના ટૂંકા સમયમાં આ પ્રકારની ચાર થી વધુ ચોરીના બનાવો બન્યા છે. જે ચોરીના ભેદ હજુ સુધી ઉકેલાયા નથી ત્યાં તસ્કરોએ વધુ એક સ્થળે છ જેટલા મકાનને નિશાન બનાવ્યા હતા. શહેરના કુડાસણ ખાતે સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ફ્લેટની સ્કીમ આવેલી છે. જયાં જુદા જુદા છ જેટલા બંધ ફ્લેટને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. અને તેના દરવાજાના તાળા તોડયા હતા. તસ્કરોને ત્રણ મકાન ન ફળ્યા હતા જયારે ત્રણ મકાન ફળ્યા હતા. જેમાં તસ્કરો સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૨.૮૦ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરીની સવારે હેમેન્દ્ર હર્મિત ભટ્ટને જાણ થતા તેઓએ તુરંત ઈન્ફોસીટી પોલીસમાં જાણ કરી હતી. આથી પોલીસે ઘટના સ્થળે આવી તપાસ કરતા એક પછી એક છ મકાનના તાળા તૂટયા હોવાનું માલુમ પડયું હતું. આમ પોલીસે તપાસ કરતા ત્રણ મકાનમાંથી ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જો કે બિનસત્તાવાર માહિતી મુજબ અંદાજે રૂ. ૨૦ લાખની મત્તાની ચોરી થઈ હોવાની ચર્ચા થઈ રહી છે.

આ ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.આઈ. પ્રિયદર્શી ચલાવી રહ્યા છે.



## ડીએઆઈઆઈસીટી ખાતે “નો અવર આર્મી “પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી પાસે આવેલ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી ખાતે આગામી તા.૧૭ જાન્યુઆરીના રોજ “નો અવર આમી” પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક અને માર્શલ ઈવેન્ટની સાથો-સાથ ભારતીય સેનાની ભવ્ય પરંપરા, શૌર્ય અને ક્ષમતાના દર્શન થશે. આ પ્રદર્શન સવારે ૧૧ થી સાંજના ૬ કલાક સુધી ખુલ્લુ રાખવામાં આવશે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે રાજયના રાજયપાલ ડો. ઓ.પી. કોહલી ખાસ ઉપસ્થિત રહેશે.

તા.૧૫ જાન્યુઆરીને સમગ્ર ભારતમાં ભારતીય સેના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેને અનુલક્ષી ગાંધીનગર ડીએઆઈઆઈસીટી ખાતે નો અવર આર્મી એક દિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાંસ્કૃતિક અને માર્શલ ઈવેન્ટમાં મોલ ખામ્ભ, ગોરખા ખુખરી નૃત્ય અને લેઝિયમ, ૦૫ અલગ અલગ બેન્ડ દ્વારા સંયુકત પણે પાઈપ બેન્ડ, ટ્રાન્સ બોર્ડર પેટ્રોલ પ્રદર્શન કેમલ માઉન્ટેડ, વ્હિકલ માઉન્ટેડ અને ઓન ફ્રૂટ તથા દુનિયાના સેકશનમાં ઈન્ફકન્ટ્રી એસોલ્ટ ડિમોનસ્ટ્રેશન હશે. જયારે આ વખતે પ્રદર્શનમાં સામેલ હશે ટી-૯૦ (ભારતીય નામ ભીષ્મ), ભારતીય સેનાની મુખ્ય ટેંક, ટી-૭૨ ટેંક (ભારતીય નામ -અજેય), આર્મર્ડ પર્સનલ કેરિયર, બોફોર્સ (૧૫૫ એમએમ આર્ટિલરી ગન), એલ-૭૦એન્ટિ એરક્રાફ્ટ ગન, ઈન્કફ્ન્ટ્રી દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ નાના શસ્ત્રો, માઈન લેઈંગ અને ડિફ્યુઝિંગ ઈકિવપમેન્ટ, બ્રીજ લેઈંગ ઈકિવપમેન્ટ (એએમ-૫૦), લોરોસ અને બટલફિલ્ડ સર્વેલન્સ રડાર્સ હશે.

## સે-ઉમાં બેફામ બોલેરો જીપે સ્થાનિકોના જીવ ઉંચા કર્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ઉતરાયણના દિવસે બપોરના સુમારે એક બોલેરો જીપ ચાલકે સ્થાનિક નાગરીકોના જીવ અધ્ધર કરી દીધી હતા. આ જીપ



ચાલકે ઘર પાસે પડી રહેલી પાડોશીની કારને પણ નુકશાન પહોચાડ્યા બાદ પણ જીપ હંકારતા ગ-૧થી ઘ-૧ તરફ જવાના માર્ગ પર જીપચાલકે અચાનક કાબુ ગુમાવતા જીપ ડિવાઈડર સાથે અથડાઈને ફુટપાથ કુદીને બોલેરો જીપ વનવિભાગની તારની વાડ તોડી એકસલ તુટી જતા ઉભી થઈ ગઈ હતી. આ દ્રશ્ય નજરે જોનારા નાગરીકો હેબતાઈ ગયા હતા. ઉતરાયણ હોવાથી મોટાભાગે તમામ સેકટરવાસીઓ ધાબા પર હોવાથી કોઈ જાનહાનિ થવા પામી નથી. આ અકસ્માતમાં બોલેરોને નુકશાન થવા પામ્યું છે. પરંતુ ચાલકને સામાન્ય ઈજા થવા પામી છે. શહેરના માર્ગો પર આમ નાગરીકોની સલામતી નથી રહી પરંતુ હવે તો સેકટરોના આંતરીક માર્ગો પર પણ બેફામ સ્પીડે ગાડીઓ હંકારતા આવા નબીરાઓ પર પોલીસતંત્રએ લગામ કસવાની જરુર છે. ધુમ સ્ટાઈલે કાર અને બાઈકો હંકારતા યુવાનો સામે કોઈ દંડાત્મક કાર્યવાહી નહી કરવામાં આવે તો સેકટરોના માર્ગો પર છાશવારે આવા અકસ્માતોના સિલસિલા બનતા રહેશે.

## ઈન્દ્રોડા સર્કલ પાસે અકસ્માતમાં ઘાયલ મજુરનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર ઈન્દ્રોડા પાર્ક પાસે અકસ્માતમાં ઘાયલ મજુરનું છ દિવસ બાદ આજે અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર વિધાનસભાના પાછળના ભાગે કાર્યરત એસ.પી.એસ.નો મજુર બાલજ્ઞાન નાથ કાર્કિબોરો ઈક્કા (ઉ.વ. ૩૦) પોતાના મિત્ર શુજલ બર્મન સાથે નોકરીમાં રજા હોવાથી ઈન્દ્રોડા પાર્ક ફરવા ગયો હતો. જયાં માર્ગ ઓળંગતી વખતે બાલજ્ઞાન નાથને પુરપાટ ઝડપે દોડી આવતી અજાણી કારના ચાલકે જોરદાર ટકકર મારતા તે માર્ગની બાજુમાં ફંગોળાઈ જતા તેને માથા અને શરીરના ભાગે ઈજાઓ થવા પામી હતી. જયારે કારચાલક ટકકર મારી નાસી છૂટયો હતો. ઘાયલ મજૂરને તુરંત સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં આજે છઠ્ઠા દિવસે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાવોલમાં ૨૦ વર્ષીય યુવતીનો આપઘાત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીકના વાવોલ ગામે આવેલી ચંદ્રલોક સોસાયટીમાં ૨૦ વર્ષીય નર્સિંગની વિદ્યાર્થીનીએ પોતાના સ્ટડીરૂમની બારીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ગાંધીનગર નજીકના વાવોલ ગામે ચંદ્રલોક સોસાયટી આવેલી છે. જયાં બ્લોક નં. ૬૫માં ઘનશ્યામભાઈ કમજીભાઈ બરંડા પોતાના પરિવાર સાથે રહે છે. ઘનશ્યામભાઈ અરવલ્લી ખાતે યુજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. ગત રોજ પરિવાર સાથે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઉત્તરાયણ મનાવી હતી. દરમિયાન તેમની ૨૦ વર્ષીય દીકરી મૃણાલીની ઘનશ્યામભાઈ બરંડા ઉત્તરાયણ મનાવી ઘરમાં જ પોતાના સ્ટડી રૂમમાં જતી રહી હતી અને અગમ્યકારણોસર રૂમની બારી પર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. થોડા સમય બાદ દીકરીની માતાએ જમવા માટે ફોન કર્યા હતા પરંતુ ફોન ન ઉઠાવતા તેઓ રૂબરૂ રૂમમાં ગયા હતા. જયાં રૂમનો દરવાજો બંધ હતો અને દીકરી બારી તરફ લટકેલી હાલતમાં દેખાઈ. તુરંત પરીવારજનોને બોલાવવા બુમાબુમ કરી હતી. બાદમાં પરિવારજનોએ સે-૭ પોલીસમાં જાણ કરતા પોલીસ તુરંત દોડી આવી હતી અને મૃતદેહનું પંચનામું કરી તેને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યો હતો. આ મામલે સે-૭ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.




## ‘મમતા’ મેગેઝિનમાં સંજય થોરાતની ‘મીઠાઈ’ અને ‘સવારે ચાર વાગ્યે’ વાર્તા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતી વાર્તા સાહિત્યમાં આગવું નામ ધરાવતું માસિક ‘મમતા’માં ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતની બે માઈક્રો ફિકશન વાર્તા ‘મીઠાઈ’ અને ‘સવારે ચાર વાગ્યે’ જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત થઈ છે.

સમાજની સંવેદનાને વાર્તામાં વણી લેતા અને કરંટ એફેર્સ પર વાર્તા લખવામાં સંજય થોરાતની હથોટી છે. પ્રેરણાદાયક એમની નાનકડી વાર્તાઓ યુવાનોમાં વધુ પ્રસિધ્ધ છે.

ગાંધીનગર સમાચાર અને ગાંધીનગર સાહિત્ય સભાએ ગૌરવની લાગણી અનુભવતા એમને શુભેચ્છા પાઠવી છે.

# ભાર વિનાનું ભણતર... માત્ર રૂપકડું સૂત્ર

**ભારેખમ દફતરનો બોજ બાળકોને હાથ, ખભા, કમર અને પીઠના દર્દી બનાવી રહ્યો છે : આ આધુનિક ‘બાળ મજદૂરી’ બાળકોમાં ચિડીયાપણા સાથે વ્યાયામ-રમતગમત-ભણતર વગેરે પ્રત્યે અરૂચિ વધારે છે : આઠ તાસમાં દિવસના ચાર જ વિષય ભણાવાય તો બોજ ઘટી શકે**




ગાંધીનગર, તા.૧૫

‘ચાલ બેટા, જલ્દીથી આ દૂધ પી લે અને પછી રમવા જા, તારા મિત્રો કયારના બોલાવી રહ્યાં છે તને?’ ‘ના, મમ્મા મારે રમવા નથી જવું, મને આજે બહુ થાક લાગ્યો છે, મને પીઠમાં દુઃખે છે, મારે સુઈ જવું છે’. આઠમામાં ભણતા બાળકને બહાર રમવા જવું નથી અને થાક લાગ્યો છે તેવો જવાબ એક જ સપ્તાહમાં ત્રણેક વાર સાંભળીને તેની માતાને ચિંતા ઉપજી રહી હતી. આવી જ ચિંતા પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ભણતા મોટા ભાગના બાળકોની માતાઓને સતાવી રહી છે એનું કારણ એ છે કે બાળકોને ટીવી, મોબાઈલ તથા વિડીયો ગેમની લતથી દૂર રાખવા મહાર મેદાનમાં જઈને રમે તેવો આગ્રહ રાખતી માતાઓને નવો જ જવાબ સાંભળવા મળી રહ્યો છે. હાલ ૧૦ થી ૧૬ વર્ષની વયના બાળકોમાં થાક, બેચેની, પીઠનો દુઃખાવો, કમરનો દુઃખાવો, ખભાનો કે હાથનો દુઃખાવો વગેરેની ફરિયાદો વધવાના અનેક કારણોમાં એક કારણ ‘વજનદાર દફતર’ પણ હોવાનું જોવા મળી રહ્યું છે.

આઝાદીના ૭૦ વર્ષમાં ભારતીય શિક્ષણ પધ્ધતિમાં ઘણા ફેરફારો આવ્યા છે અને શિક્ષણ પ્રત્યે માબાપ ખૂબ સજાગ બન્યા છે. જો કે આ સાથે શિક્ષણમાં વ્યવસાયિકરણનો વ્યાપ વધવાને કારણે તેમાં ‘ગ્લેમર’ પણ ઉમેરાયું છે જેનો સીધે સીધો બોજ બાળકના નાજુક ખભાઓ પર પડી રહ્યો છે. પરંતુ દેખાદેખી અને હરિફાઈમાં પાછળ પડી જવાની બીકે મોટા ભાગના મા-બાપ ‘અનદેખી’ કરી રહ્યા છે. ‘ભાર વિનાના ભણતર’ની બૂમાબૂમને સરકારોએ પણ ‘સ્માર્ટ એજયુકેશન’ના નામે રૂપકડાં સપના બતાવીને મોટે અંશે ‘મ્યુટ’ કરી દીધી છે. પરંતુ આ બધા વચ્ચે એક હકીકત એ છે અત્યારે ૧૦ વર્ષની વયના ૫૮ ટકાથી વધુ બાળકો હાડકાંની બીમારીથી પીડાય છે. ગત વર્ષે મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ વી.એમ. કાનડે તથા બી.પી. કોલાબાવાલાની બેંચ સમક્ષ ખુદ મહારાષ્ટ્ર સરકારે નીમેલી એક સમિતિએ રજુ કરેલા અહેવાલમાં આ હકીકતનો સ્વીકાર કરાયો છે. આ અહેવાલ સામે ન્યાયાધીશોએ ‘લાગે છે કે બાળકોએ હવે ટ્રોલી બેગ લઈને સ્કૂલે જવું પડશે.’ તેવો કટાક્ષ પણ કર્યો હતો. ભારતના અનેક મેટ્રોસીટી શહેરોના અઢી હજાર વિદ્યાર્થીઓ તથા એક હજાર વાલીઓના સર્વેક્ષણ કરી એસોચેમની હેલ્થકેર કમિટીએ પણ હાથ ધરેલ અભ્યાસમાં ૭ થી ૧૩ વર્ષના ૬૮ ટકા જેટલા બાળકોને વજનદાર સ્કૂલબેગના કારણે હળવા પીઠના દર્દીની ફરિયાદ હોવાનું માલુમ પડયું છે. આ સમિતિના કહેવા મુજબ ‘શાળાએ જતા બાળકો તેમના શરીરના વજન કરતા આશરે ૪૦ થી ૪૫ ટકા વધુ વજન ધરાવતું દફતર ઉંચકે છે.’ ગાંધીનગર શહેરમાં અંદાજે ૭૦ ટકા નાગરિકો વિવિધ હાડકાંની બિમારીથી પીડાય છે. આ



સાથે શહેરમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ૧૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ બેક પઈન તથા તેના જવી અન્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે.

એક તરફ અત્યારના સમયમાં બાળકો પર સ્કૂલ ઉપરાંત ટયુશન-કોચીંગ કલાસીસ, એકિટવીટી કલાસીસ, હોબી કલાસીસ, સ્પોર્ટસ કોચીંગ જેવા અનેક ભારણો હોવાને કારણે આમ પણ તેમનું કુદરતી બાળકપણું રુંધાઈ રહ્યું હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. બીજી તરફ બાળકોની સ્કૂલબેગનું વજન તેમની હાલત ‘બાળ મજદૂરી કરતા વેઠીયા મજૂર’ જેવી જ બનાવી રહ્યું છે. પહેલા જે બાલમંદિર હતું તે અત્યારે કેજી-નર્સરીમાં પરિવર્તિત થયું છે તેમાં ભણતા કૂમળા બાળકોને તો મોટે ભાગે વાલી જાતે જ લેવા મૂકવા શાળાએ જતા હોવાથી આ સમસ્યા ઝાઝી નડતી નથી પરંતુ માધ્યમિક-પ્રાથમિક શાળાના બાળકો આ સ્કૂલબેગના ભારે બોજ તળે રીતસર રેંગતા હોય તેવી હાલત જરૂર છે. આમ તો સ્કૂલવાનના જમાનામાં બાળકોને આખા રસ્તે દફતર ઊંચકવું પડતું નથી તેટલી રાહત જરૂર છે પરંતુ હાઈરાઈઝ એપાર્ટમેન્ટના ઘરેથી વાન સુધી, વાનથી વિશાળ શૈક્ષણિક સંકુલ માંહેની પોતાની સ્કૂલના ચોથા માળે આવેલ કલાસરૂમ સુધી આ સ્કૂલબેગ ઊંચકી જવું એ પણ બાળકો માટે દરરોજ એક પડકારથી કમ નથી.

મોટા ભાગની શાળાઓમાં દરરોજના આઠ તાસ ભણાવાય છે. જેમાં અલગ અલગ આઠ વિષય ભણાવાય છે. આ તમામ વિષયની ટેક્સ્ટ બુક અને નોટબુક ઉપરાંત વર્કબુક એટલે કે સ્વાધ્યાયપોથી, અપેક્ષિત, ગાઈડ, નકશાપૂર્તિ, પ્રેકટિકલ બુક જેવી અન્ય સંલગ્ન સામગ્રી પણ જોડાય છે. આમ તો શાળાઓમાં શારિરીક શિક્ષણનો પણ તાસ હોય છે જે મોટે ભાગે સપ્તાહમાં માત્ર એક કે બે વાર જ લેવાય છે અને તેમાં પણ કયારેક સાંસ્કૃતિક કે અન્ય કાર્યક્રમો ગોઠવી દેવાતા હોય છે. આમ વ્યાયામ પ્રત્યેની ઉદાસીનતા બાળકોને શારિરીક રીતે નિર્બળ બનાવે ત્યારે આ સમસ્યા વધુ વકરે એમાં નવાઈ નથી- ગાંધીનગરના જાણીતા ફિઝિયોથેરેપીસ્ટ ડૉ. હાર્દિક તલાટીના જણાવ્યા મુજબ વજનદાર સ્કૂલબેગના કારણે બાળકો અપર અને લોઅર બેકપેઈન ઉપરાંત ‘સ્કોલિયોસીસ’નો પણ શિકાર બને છે જેની સીધી અસર બાળકોની રોજીંદી ક્રિયાઓ પર પડે છે, આ તકલીફના કારણે બાળકોની કાર્યક્ષમતા પણ ઘટે છે. ખભાની નસ દબાવાના કારણે હાથનો દુઃખાવો પણ થાય છે, સરવાળે બાળકની ઊંઘ પણ પુરી થઈ શકતી નથી. એસોચેમ કમિટીના તારણ મુજબ બાળકોને વજનદાર દફતર ઊંચકવા તથા તેને ઉપાડવા મુકવાની અયોગ્ય પધ્ધતિઓના કારણે સ્લીપ ડિસ્ક, સ્પોન્ડિલાઈટીસ, સ્પાઈન પેઈન વગેરેનું જોખમ રહેલું છે. પીઠ, ગરદન, ખભો, કમર વગેરેના દુઃખાવાને કારણે બાળકને ફેફસા સંબંધી તથા શ્વાસ લેવામાં થતી તકલીફો વધે છે તથા નાની ઉંમરે શરીર વળી જવું, પોશ્ચર બગડવા જેવી મુશ્કેલીઓનું પણ જોખમ વધી જાય છે.

સરકારે આ સમસ્યા બાબતે હવે વધુ હથેળીમાં ચાંદ બતાવવાને બદલે અસરકારક પગલા લેવાનો સમય પાકી ગયો છે. સરકારે એક ગાઈડલાઈન બનાવી નર્સરી-કિડઝ ગૃપના બાળકોને તો સ્કૂલબેગથી મુકિત આપવા સાથે પ્રાથમિક-માધ્યમિક શાળાના બાળકોની સ્કૂલબેગ અંગે માર્ગદર્શિકા પ્રકાશિત કરવી તેના અમલ માટે પગલાં લેવા જોઈએ. આમ તો સ્કૂલમાં લોકરની વ્યવસ્થા કરવાનું સૂચન કરાય છે પરંતુ તેનાથી સરવાળે વાલીઓ પર આર્થિક બોજો વધવા ઉપરાંત બાળકને ઘરે અભ્યાસ કરવામાં તકલીફ પડવાની સંભાવના રહેલી છે. જો શાળામાં દિવસના આછ તાસ દરમિયાન માત્ર ચાર જ વિષય એક દિવસમાં ભણાવાય પછી ભલે એક જ વિષયના એક દિવસમાં બે તાસ આવે, પરંતુ એનાથી સ્કૂલબેગનું વજન ૫૦ ટકા સુધી ઘટી શકે છે. વળી, એક જ દિવસમાં બધા વિષય ભણવાને બદલે ઓછા વિષય પર વધુ સમય આપવાથી શિક્ષણની ગુણવત્તા પણ સુધરી શકે છે. મોટે ભાગે આ સમસ્યાના નિરાકરણ માટે વાલીઓ, શાળા સંચાલકો, સરકાર વગેરે ઉપરાંત બાળકોના પણ અભિપ્રાય મેળવી એક કાયમી સુચારું વ્યવસ્થા ગોઠવાય તો કૂમળાં બાળકોના શરીર તથા મન પર લદાતો બોજ હળવો બનશે જેથી તેઓ હળવાફુલ થઈ શિક્ષણ ઉપરાંત કળા, રમતગમત તથા અન્ય ક્ષેત્રે પણ વધુ રુચિ કેળવી શકશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## સે-૨૪માં ચીકન ખરીદવા બાબતે ઝઘડો થતા દુકાનદારે પરિવારજનો સાથે મળી ગ્રાહકને મોતને ઘાટ ઉતાર્યો

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૨૪માં આજે ચીકનશોપ પર ચીકનના ભાવતાલ બાબતે દુકાનદાર અને ગ્રાહક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જે બાદ મામલો બિચકતા દુકાનદાર સહિતના છ જેટલા શખ્સોએ લોખંડની પાઈપ અને ધોકા વચ્ચે ગ્રાહક પર હુમલો કરી તેને લોહીલુહાણ કરી દીધો હતો. જે ગ્રાહકનું ગંભીર ઈજા બાદ સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ મામલે સે-૨૧ પોલીસે છ જેટલા આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત પોલીસ માહિતી અનુસાર શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ નગર સોસાયટી ખાતે રહેતા બાબુભાઈ ઉકાભાઈ મારવાડી અને સે-૨૪માં રહેતો તેનો મિત્ર જગદીશ કરશન ઠાકોર ગત રોજ ઉત્તરાણયના દિવસે સાંજે પાંચ વાગે સે-૨૪ સાંઈ બાબા મંદિર છાપરા પાસે ચીકન શોપમાં ચીકન લેવા ગયા હતા. આ દરમિયાન જગદીશ ઠાકોર અને દુકાનદાર ગંગારામ મારવાડી વચ્ચે મરઘાના ભાવતાલ બાબતે બોલાચાલી થઈ હતી અને દુકાનદારે ઉગ્ર બની ગાળો બોલતા દુકાનદારના અન્ય પાંચ જેટલા પરિવારજનો દોડી આવ્યા હતા અને બંને વચ્ચે છૂટાહાથની મારા મારી થઈ હતી. ઝઘડો વધુ ગંભીર બનતા દુકાનદાર અને તેના પાંચ પરિવારજનોએ લોખંડની પાઈપો લાકડાના ધોકા અને લાકડીઓ વડે ગ્રાહક જગદીશ ઠાકોરને ગંભીર ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી દીધો હતો. બાદમાં ઘાયલ જગદીશ ઠાકોરને લોહીયાળ હાલતમાં ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યો હતો જયાં તેનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ મામલે મૃતકના મિત્ર બાબુભાઈ ઉકાભાઈ મારવાડી (સે-૨૫) એ સે-૨૧ પોલીસમાં ગંગારામ પુનાજી મારવાડી, મહેશ ગંગારામ મારવાડી, નરેશ ગંગારામ મારવાડી, લક્ષ્મણજી કેશાજી મારવાડી, દિપાબેન ગંગારામ મારવાડી અને શોભાબેન ગંગારામ મારવાડી સામે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ગંગારામ મારવાડી, દિપાબેન મારવાડી અને શોભાબેન મારવાડીની પોલીસ મથકમાં લાવી પુછપરછ હાથ ધરી છે. જયારે અન્ય ત્રણ આરોપીની અટકાયત માટે પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે સે-૨૧ પોલીસ મથકના પી.આઈ. મીની જોસેફ તપાસ ચલાવી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. વિશાસિંહ પારથુસિંહ રાણા, ઉ.વ. ૬૬
- સ્વ. મહેન્દ્ર ચંદુભાઈ ચૌહાણ, ઉ.વ. ૨૩
- સ્વ. ગંગાબેન શકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૫
- સ્વ. રમીલાબેન હસમુખભાઈ નાયી, ઉ.વ. ૬૦
- સ્વ. મનુભાઈ મંગળદાસ પટેલ, ઉ.વ. ૬૦
- સ્વ. ભોળીદાસ શિવદાસ પ્રજાપતિ, ઉ.વ. ૮૧
- સ્વ. રમેશચંદ્ર છનાભાઈ સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. જગદીશભાઈ કરશનભાઈ ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. નિર્મળાબેન જયંતિલાલ નાયક, ઉ.વ. ૮૧